## (1) 'ગ્લોબલ એનર્જી રિવ્યુ : 2020' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ આંતરરાષ્ટ્રીય ઊર્જા સંસ્થા (IEA) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ, ભારતની ઊર્જા માંગમાં 58%નો ઘટાડો નોંધાયો છે.
(3) વિશ્વમાં 2020માં કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ગતવર્ષની સાપેક્ષે 8%નો ઘટાડો નોંધાયો છે.
(4) વર્ષ 2019ના પ્રથમ 3 મહિનાની સાપેક્ષે વર્ષ 2020ના પ્રથમ 3 મહિનામાં વૈશ્વિક ઊર્જા માંગમાં 3.8%નો ઘટાડો થયો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ઊર્જા સંસ્થા દ્વારા 'ગ્લોબલ એનર્જી રિવ્યુ : 2020' નામનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટ મુજબ જે દેશમાં સંપૂર્ણ લોકડાઉન છે તેમાં દર અઠવાડિયે ઊર્જાની માંગમાં 25%નો ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે આંશિક લોકડાઉન ધરાવતાં દેશ માટે આ આંકડો 18%નો છે.

⇛ વર્ષ 2019ના પ્રથમ ત્રિમાસિકની સાપેક્ષે વર્ષ 2020ના પ્રથમ ત્રિમાસિકમાં ઊર્જાની માંગમાં વૈશ્વિક રીતે 3.8%નો ઘટાડો નોંધાયો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ માત્ર પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતની માંગમાં આ દરમિયાન વધારો નોંધાયો છે.

⇛ વર્ષ 2019ની સાપેક્ષે વર્ષ 2020માં કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં 8%નો ઘટાડો જોવા મળ્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ રિપોર્ટ મુજબ ભારતની ઊર્જા માંગમાં 30%નો ઘટાડો નોંધાયો છે જેનું મુખ્ય કારણ દેશવ્યાપી લોકડાઉન છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) IIP (Index of Industrial Production) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આપેલ સમયમાં ઔદ્યોગિક ઉત્પાદનની કુલ કિંમતમાં થતાં ફેરફારને IIP કહે છે.

(2) તેનું મૂલ્યાંકન નેશનલ સ્ટેટીસ્ટીકલ ઓફિસ (NSO) દ્વારા કરવામાં આવે છે.

(3) IIPની ગણતરી માટેનું આધાર વર્ષ 2014-15 છે.

(4) IIPની માહિતી દર મહિને NSO દ્વારા જાહેર કરવામાં આવે છે.

(A) માત્ર (1), (2) અને (4)

(B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1) અને (3)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ આપેલ સમયગાળામાં ઔદ્યોગિક ઉત્પાદનના જથ્થામાં થતા ફેરફારનું માપન IIP દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ભારતમાં નેશનલ સ્ટેટીસ્ટીકલ ઓફિસ (NSO) દ્વારા દર મહિને IIPનું મૂલ્યાંકન કરવામાં આવે છે. તથા તેને પ્રસિદ્ધ કરવામાં આવે છે. (આથી, વિધાન (2) અને (4) સાચાં છે.)

⇛ IIPની ગણતરી માટેનું આધાર વર્ષ 2011-2012 છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ IIPમાં ગણતરીમાં લેવામાં આવતાં કુલ ઉદ્યોગો પૈકી આઠ કેન્દ્રસ્થ (Core) ઉદ્યોગનું મૂલ્ય IIPમાં 40% જેટલું છે.

⇛ આ આઠ ક્ષેત્રો નીચે મુજબના છે :

(1) પેટ્રોલીયમ અને રિફાઈનરી પેદાશો

(2) વિજ ઉત્પાદન

(3) સ્ટીલ ઉત્પાદન

(4) કોલસાનું ઉત્પાદન

(5) કાચાં તેલનું ઉત્પાદન

(6) કુદરતી ગેસનું ઉત્પાદન

(7) સિમેન્ટ ઉત્પાદન

(8) ખાતર ઉત્પાદન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) 'જનઔષધી સુગમ' મોબાઈલ એપ્લિકેશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ એપ્લિકેશન BPPI નામની સંસ્થા દ્વારા બનાવવામાં આવી છે.
(2) આ એપ દ્વારા નજીકના જનઔષધી કેન્દ્રનું લોકેશન જાણી શકાય છે.
(3) આ એપમાં જેનરીક દવાઓ શોધી શકાય છે.
(4) આ એપમાં જેનરીક દવા તથા બ્રાન્ડેડ દવાની સરખામણી કરી શકાય છે.

(A) માત્ર (1)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ કોરોના વાયરસ તથા લોકડાઉનના પગલે લોકો દ્વારા 'જનઔષધી સુગમ' એપ્લિકેશનના ઉપયોગમાં વધારો જોવા મળ્યો છે.

⇛ આ એપ્લિકેશન લોકોને નીચેની રીતે મદદ કરે છે:

- નજીકના જનઔષધી કેન્દ્રને લોકેટ કરવા (ગુગલ મેપ દ્વારા)
- જનઔષધી જેનરીક દવાઓ શોધવા
- જેનરીક તથા બ્રાન્ડેડ દવાઓની સરખામણી કરવા. જેમાં ગ્રાહક વસ્તુની સરખામણી તથા કિંમતની સરખામણી કરી શકે છે અને કુલ બચત કેટલી થશે તે પણ જોઈ શકે છે. (આથી, વિધાન 2, 3 અને 4 સાચાં છે.)

⇛ આ એપ્લિકેશન બ્યૂરો ઓફ ફાર્મા પી.એસ.યુ. ઓફ ઈન્ડિયા (BPPI) દ્વારા બનાવવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ BPPI રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટીકલ વિભાગ હેઠળ કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'ચક-હાઓ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેને તાજેતરમાં GI ટેગ મળેલ છે.
(2) તે એક પ્રકારના લાલ ચોખા છે.
(3) આ ચોખા મુખ્યત્વે ઓરિસ્સામાં થાય છે.
(4) આ ચોખામાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોય છે.

(A) માત્ર (1)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 'ચક–હાઓ' મણિપુરમાં ઘણી સદીઓથી વપરાતાં ચોખા છે અને તે તેની વિશિષ્ટ સુગંધના કારણે પ્રસિદ્ધ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ ચોખાનો રંગ કાળો હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ ચોખાને પકાવવામાં સૌથી વધુ સમય (આશરે 40-45 મિનિટ) લાગે છે, જેનું કારણ તેમાં રહેલાં ફાઈબરનું વધુ પ્રમાણ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ ચોખામાંથી પ્રસિદ્ધ ચક–હાઓ ખીર બને છે અને તેનો ઉપયોગ સામાન્ય રીતે કોઈ પ્રસંગમાં જ કરવામાં આવે છે.

⇛ તેનો ઉપયોગ પારંપરિક દવા તરીકે પણ કરવામાં આવે છે.

⇛ તાજેતરમાં આ ચોખાને GI ટેગ મળેલ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) 'અતુલ્ય' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક પ્રકારનું માઈક્રોવેવ સ્ટેરીલાઈઝર છે.
(2) તેની બનાવટ ડિફેન્સ ઈન્સ્ટિટયુટ ઓફ એડવાન્સ્ડ્ ટેક્નોલોજી દ્વારા કરવામાં આવી છે.
(3) અતુલ્યમાં $150^0$C થી $180^0$C વચ્ચે COVID-19 વાયરસનું વિઘટન કરવામાં આવે છે.
(4) સ્ટેરીલાઈઝેશન માટે તેમાં માત્ર 15 મિનિટ જેટલો જ સમય લાગે છે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **COVID-19**ના વાયરસનું વિઘટન કરવા માટે એક માઈક્રોવેવ સ્ટેરીલાઈઝર 'અતુલ્ય' બનાવવામાં આવ્યું છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ ઉપકરણની બનાવટ ડિફેન્સ ઈન્સ્ટિટયુટ ઓફ એડવાન્સ્ડ્ ટેક્નોલોજી દ્વારા કરવામાં આવી છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ સ્ટેશલાઈઝેશન : એવી પ્રક્રિયા કે જેના દ્વારા જૈવિક વાહકો (ફૂગ, બેક્ટેરિયા, વાયરસ વગેરે)ને કોઈ સપાટી કે અંગ પરથી દૂર કરવામાં આવે, અસક્રિય કરવામાં આવે, મારવામાં આવે કે અન્ય કોઈ રીતે તેની અસર નાબૂદ કરવામાં આવે તેને સ્ટેરીલાઈઝેશન કહે છે.

⇛ અતુલ્યમાં **$56^0$C**થી **$60^0$C** તાપમાને **COVID-19**ના વાયરસનું વિઘટન થઈ શકે છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ આ વિઘટન માટે **30** સેકન્ડથી એક મિનિટ જેટલો સમય લાગે છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT